◆ ADVT ◆
અહીં જાહેરાત આપો
98700 06472 · need24.digital

NEED24 NEWS
हर ख़बर, हर शहर

નીડ 24 ન્યૂઝ

દરેક ખબર, દરેક શહેર

◆ ADVT ◆
અહીં જાહેરાત આપો
98700 06472 · need24.digital

DIGITAL E-PAPER

PRGI APPLICATION UNDER PROCESS
Application No. T/GJ/2026/0619/2304/1577

GST
GSTIN 24CINPG0564Q1ZT

UDYAM REGISTERED
UDYAM-GJ-14-0003714

◆ DIGITAL NEWS NETWORK ◆
ભારતનું વિશ્વસનીય બહુભાષી ડિજિટલ ન્યૂઝ નેટવર્ક
11+ Languages | 24×7 Live | e-Paper Daily

અમારી App ડાઉનલોડ કરો
Download on the App Store
GET IT ON Google Play

www.need24.digital
info@need24.in
+91 98700 06472
FOLLOW US:

तेज़ | सटीक | निष्पक्ष | जनहित में | सच की आवाज़ | जन-जन की आवाज़ | निडर पत्रकारिता

GUJARAT | નીડ 24 ન્યૂઝ · દરેક ખબર, દરેક શહેર | 16 November 2026

INTERNATIONAL

UNમાં મૃત્યુદંડ સજા પર બ્રેક લગાવવાનો પ્રસ્તાવ પાસ, ભારત-અમેરિકા સહિત 33 દેશોએ કર્યો હતો વિરોધ



સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ફાંસીની સજા પર રોક લગાવવાના પ્રસ્તાવ પર થયેલા મતદાનમાં ભારતે વિરોધમાં મત આપ્યો છે. ભારતની સાથે અમેરિકા, ચીન અને પાકિસ્તાન સહિત કુલ 33 દેશોએ પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો. બીજી તરફ, 133 દેશોએ પ્રસ્તાવના સમર્થનમાં મત આપ્યો હતો. જ્યારે 16 દેશ મતદાનથી દૂર રહ્યા હતા. જોકે, વિરોધ છતાં બહુમતીના સમર્થનથી પ્રસ્તાવ પસાર થઈ ગયો હતો

સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ફાંસીની સજા પર રોક લગાવવાના પ્રસ્તાવ પર થયેલા મતદાનમાં ભારતે વિરોધમાં મત આપ્યો છે. ભારતની સાથે અમેરિકા, ચીન અને પાકિસ્તાન સહિત કુલ 33 દેશોએ પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો. બીજી તરફ, 133 દેશોએ પ્રસ્તાવના સમર્થનમાં મત આપ્યો હતો. જ્યારે 16 દેશ મતદાનથી દૂર રહ્યા હતા. જોકે, વિરોધ છતાં બહુમતીના સમર્થનથી પ્રસ્તાવ પસાર થઈ ગયો હતો

— sutariya kalpeshbhai haribhai, Surat

INTERNATIONAL

ઈરાનના નિશાના પર અમેરિકાના 'આંખ-કાન', જાણો બહેરીનમાં 6 ડ્રોનથી હુમલા પાછળનો ખેલ



ઈરાની સેના IRGC એ 15 નવેમ્બર 2026ના રોજ બહેરીનના રિફા હેલિકોપ્ટર બેઝ પરના અમેરિકી રડારને નિશાન બનાવી 6 ડ્રોન મોકલવાનો દાવો કર્યો છે. આ હુમલાની પુષ્ટિ થઈ નથી, પરંતુ બહેરીને સુરક્ષા એલર્ટ જાહેર કર્યું છે. બહેરીનમાં અમેરિકી 5મી ફ્લીટનું મુખ્યાલય અને સૈન્ય મથકો છે, જે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ છે. ઈરાન આ રડારને નષ્ટ કરીને અમેરિકાની મિસાઈલ ડિફેન્સ સિસ્ટમને નબળી પાડવા માંગે છે.ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધની આંચ હવે બહેરીન સુધી પહોંચી ગઈ છે. ઈરાનની સેના IRGC એ 15 નવેમ્બર 2026ના રોજ દાવો કર્યો છે કે, તેણે બહેરીનના રિફા હેલિકોપ્ટર બેઝ પર સ્થિત અમેરિકી સેનાના એક મહત્વપૂર્ણ અર્લી-વોર્નિંગ રડારને નિશાન બનાવવા માટે 6 ડ્રોન મોકલ્યા છે. જોકે અમેરિકા કે બહેરીન તરફથી હજુ સુધી આ હુમલાની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી, પરંતુ બહેરીનના ગૃહ મંત્રાલયે દેશભરમાં સુરક્ષા અલર્ટ જાહેર કરીને નાગરિકોને સુરક્ષિત સ્થળોએ રહેવા અપીલ કરી છે.

બહેરીનમાં અમેરિકાની હાજરી કેમ મહત્વની છે?

પાંચમી ફ્લીટનું મુખ્યાલય: બહેરીનની રાજધાની મનામામાં અમેરિકી નૌસેનાની 5મી ફ્લીટનું હેડક્વાર્ટર આવેલું છે, જ્યાંથી અમેરિકા ખાડી, લાલ સાગર અને હિંદ મહાસાગરના દરિયાઈ વિસ્તારો પર નજર રાખે છે.

સૈન્ય વ્યૂહાત્મક સ્થાન: 1991ના સંરક્ષણ કરાર હેઠળ અમેરિકા બહેરીનના સૈન્ય મથકો અને ખલીફા બિન સલમાન બંદરનો ઉપયોગ પોતાના મોટા યુદ્ધજહાજો અને એરક્રાફ્ટ કેરિયર રાખવા માટે કરે છે.

અર્લી-વોર્નિંગ રડારને નિશાન બનાવવા પાછળ ઈરાનની રણનીતિ

ઈરાને જે રડારને નિશાન બનાવવાનો દાવો કર્યો છે તે આકાશમાંથી આવતી મિસાઈલ કે હવાઈ ખતરાની અગાઉથી જાણકારી આપે છે. જો આ રડાર નષ્ટ થાય તો મિસાઈલ ડિફેન્સ સિસ્ટમને સમયસર ચેતવણી મળવી મુશ્કેલ બની શકે છે. માર્ચ 2026માં પણ બહેરીન સ્થિત અમેરિકી નૌસેનાના મુખ્યાલય અને સેટેલાઈટ કોમ્યુનિકેશન ટર્મિનલ પર હુમલા થયા હતા.

— sutariya kalpeshbhai haribhai, Surat

WEATHER

2027માં ગરમી તમામ રેકોર્ડ તોડશે, 1950 બાદ સૌથી ઘાતક અલ નીનોની ચેતવણી



શિયાળો પૂરો થયા બાદ આવનારી ગરમી આ વખતે લોકોને ભારે પરેશાન કરી શકે છે. વર્ષ 2027માં તાપમાનના જૂના તમામ રેકોર્ડ તૂટવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. અમેરિકાની હવામાન એજન્સી નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન (NOAA)એ 1950 પછીના સૌથી શક્તિશાળી અલ નીનોની ચેતવણી આપી છે. એજન્સીના જણાવ્યા અનુસાર, પ્રશાંત મહાસાગરમાં અલ નીનોની સ્થિતિ સતત ગંભીર બની રહી છે અને 2027ના જાન્યુઆરીથી માર્ચ દરમિયાન પણ તે અત્યંત મજબૂત સ્થિતિમાં રહી શકે છે. હવામાન નિષ્ણાતોના મતે, આ અલ નીનો 1950 પછીનો સૌથી શક્તિશાળી સાબિત થઈ શકે છે. તેની અસરથી ભૂમધ્યરેખીય પ્રશાંત મહાસાગરની સપાટીના તાપમાનના જૂના રેકોર્ડ તૂટી શકે છે. આ ફેરફારની અસર વિશ્વભરના હવામાન ચક્ર પર જોવા મળી શકે છે.

અલ નીનોના રેકોર્ડ તોડવાની 60 ટકા શક્યતા

NOAAના તાજેતરના આંકડા મુજબ, ઓક્ટોબરથી ડિસેમ્બર અને નવેમ્બરથી જાન્યુઆરીના સમયગાળા દરમિયાન અલ નીનો 1950 પછીના તમામ રેકોર્ડ તોડી શકે તેવી શક્યતા લગભગ 60 ટકા સુધી પહોંચી છે. આ સમયગાળા દરમિયાન સમુદ્રની સપાટીનું સરેરાશ તાપમાન સામાન્ય કરતાં 2.5 ડિગ્રી સેલ્સિયસ કે તેથી વધુ વધી શકે છે. ઓક્ટોબર મહિનાથી જ ભૂમધ્યરેખીય પ્રશાંત મહાસાગરના પશ્ચિમી વિસ્તારોમાં સમુદ્રની સપાટીનું તાપમાન સામાન્ય કરતાં 4 ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાઈ રહ્યું છે. 1950ના દાયકામાં આંકડાઓની નોંધણી શરૂ થયા પછી પહેલીવાર આટલો મોટો વધારો જોવા મળ્યો છે. વિશ્વ હવામાન સંગઠન (WMO)એ પણ આ વર્ષે ઓક્ટોબરમાં તાપમાન અસાધારણ સ્તરે પહોંચવાની આશંકા વ્યક્ત કરી હતી.

શું છે અલ નીનો અને કેવી રીતે બદલાય છે હવામાન?

અલ નીનો એક કુદરતી હવામાન સંબંધિત ઘટના છે. તેમાં પ્રશાંત મહાસાગરના ભૂમધ્યરેખીય વિસ્તારમાં સમુદ્રનું પાણી સામાન્ય કરતાં વધુ ગરમ થાય છે. આ ઘટના અલ નીનો સાઉથર્ન ઓસિલેશન (ENSO) ચક્રના ત્રણ તબક્કામાંથી એક છે. જ્યારે નિનો 3.4 વિસ્તારમાં સમુદ્રની સપાટીનું સરેરાશ તાપમાન સતત ત્રણ મહિના સુધી સામાન્ય કરતાં 0.5 ડિગ્રી સેલ્સિયસથી વધુ રહે છે, ત્યારે અલ નીનોની સ્થિતિ જાહેર કરવામાં આવે છે.

અલ નીનોની અસરથી ક્યાંક દુષ્કાળ તો ક્યાંક પૂરનું જોખમ

અલ નીનોની અસર માત્ર સમુદ્રના તાપમાન સુધી મર્યાદિત રહેતી નથી. તેના કારણે દુનિયાભરના હવામાન ચક્રમાં મોટા ફેરફાર થઈ શકે છે. કેટલાક વિસ્તારોમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડે છે, જ્યારે અન્ય વિસ્તારોમાં ભારે વરસાદ અને પૂર જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. આ ઉપરાંત તાપમાનમાં ઝડપથી વધારો થવાની સાથે ગરમી અને લૂનું પ્રમાણ વધી શકે છે. જંગલોમાં આગ લાગવાની ઘટનાઓમાં પણ વધારો થવાનું જોખમ રહે છે. આમ, 2027માં અલ નીનોની સંભવિત અસરને કારણે દુનિયાના અનેક વિસ્તારોમાં હવામાનની સ્થિતિ પડકારજનક બની શકે છે. ખાસ કરીને તાપમાન, વરસાદ અને ગરમીના બદલાતા વલણ પર હવામાન એજન્સીઓની નજર રહેશે.

— sutariya kalpeshbhai haribhai, Surat

LOCAL

અમદાવાદ: ચોમાસામાં જળબંબાકાર બાદ તંત્ર સફાળું જાગ્યું, રિવરફ્રન્ટની લાઇન સાફ કરવા ₹10.46 કરોડ ખર્ચાશે



અમદાવાદમાં ચોમાસા દરમિયાન અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાતાં અને નાગરિકોની મિલકતોને નુકસાન પહોંચ્યા બાદ હવે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(AMC) દ્વારા સાબરમતી રિવરફ્રન્ટની ઇન્ટરસેપ્ટર લાઇનની સફાઈ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પૂર્વ તરફની 11.50 કિમી લાંબી ઇન્ટરસેપ્ટર લાઇનમાં જમા થયેલો કાંપ દૂર કરવા માટે ₹10.46 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. આ કામગીરી માટે દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે. વોટર કમિટીના ચેરમેનના જણાવ્યા મુજબ, આગામી ચોમાસા પહેલાં આ લાઇનની સફાઈ પૂર્ણ કરીને તેને સંપૂર્ણ ક્ષમતાથી કાર્યરત કરવામાં આવશે.શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ અંતર્ગત નદીના પૂર્વ અને પશ્ચિમ કિનારે ઇન્ટરસેપ્ટર લાઇન બનાવવામાં આવી હતી. અગાઉ શહેરના વિવિધ વિસ્તારોના નાળાં સીધા સાબરમતી નદીમાં ખુલતા હતા. જો કે, શહેરના વિસ્તરણ અને વિકાસની સાથે આ નાળાં મારફતે ગટરનુ પ્રદૂષિત પાણી પણ નદીમાં પહોંચતુ હોવાની સમસ્યા ઊભી થઈ હતી. તેના ઉકેલરૂપે રિવરફ્રન્ટ પ્રોજેક્ટમાં નદીના બંને કિનારે ડ્રેનેજ લાઇન અને RCC ડક્ટ નાખીને નાળાંને તેની સાથે જોડવામાં આવ્યા હતા.

રિવરફ્રન્ટની લાઇન સાફ કરવા ₹10.46 કરોડ ખર્ચાશે

રિવરફ્રન્ટના પૂર્વ અને પશ્ચિમ કિનારે 900થી 2200 મિમી વ્યાસની ડ્રેનેજ લાઇન નાખવામાં આવી છે. આ વ્યવસ્થા મારફતે ગટરનું પાણી ટ્રીટમેન્ટ માટે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી પહોંચાડવામાં આવે છે. પૂર્વ વિસ્તારની ઇન્ટરસેપ્ટર લાઇનમાં આવતુ ગટરનુ પાણી પીરાણા સ્થિત 106 MLD ક્ષમતાના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં લઈ જવામાં આવે છે અને ટ્રીટમેન્ટ બાદ નદીમાં છોડવામાં આવે છે.

હવે આ વ્યવસ્થાની પૂર્વ તરફની લાઇનની સફાઈ કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. શાહીબાગ ડફનાળાથી આંબેડકર બ્રિજ સુધી ફેલાયેલી 11.50 કિમી લાંબી લાઇનમાં ઉત્તર, મધ્ય અને દક્ષિણ ઝોનના અનેક વોર્ડનાં ડ્રેનેજ કનેક્શન જોડાયેલાં છે. લાઇનમાં જમા થયેલા કાંપ અને અન્ય અવરોધોને દૂર કરવા માટે ડિસિલ્ટીંગ કરાવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

— sutariya kalpeshbhai haribhai, Surat

INTERNATIONAL

ઈલોન મસ્કની સ્પેસએક્સની ઐતિહાસિક સિદ્ધિ, અંતરિક્ષમાંથી પરત આવેલા 'સ્ટારશિપ'ને હવામાં 'કેચ' કર્યો



અમેરિકન ઉદ્યોગપતિ ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સે (SpaceX) અંતરિક્ષ ક્ષેત્રે મોટો ઇતિહાસ રચ્યો છે. કંપનીનું 'શિપ 42' નામનું સ્ટારશિપ સ્પેસક્રાફ્ટ અંતરિક્ષમાં આશરે 22 કલાક વિતાવીને અને પૃથ્વીના 14 ચક્કર લગાવીને હેમખેમ પૃથ્વી પર પરત ફર્યું છે.ટેક્સાસ સ્થિત સ્પેસએક્સના લૉન્ચ સેન્ટર પર પરત ફરતી વખતે લૉન્ચ ટાવર પર લગાડવામાં આવેલી 'ચોપસ્ટિક્સ' નામની બે વિશાળકાય સ્ટેન્ડએ આ સ્પેસક્રાફ્ટને હવામાં જ સહીસલામત પકડી લીધું હતું. અંતરિક્ષથી પરત ફરેલા સ્ટારશિપને આ પ્રકારે હવામાં પકડવામાં સફળતા મળી હોય તેવી આ પહેલી જ ઘટના છે.

2200 મિમી વ્યાસની ડ્રેનેજ લાઇન નાખવામાં આવી છે. આ વ્યવસ્થા મારફતે ગટરનું પાણી ટ્રીટમેન્ટ માટે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી પહોંચાડવામાં આવે છે. પૂર્વ વિસ્તારની ઇન્ટરસેપ્ટર લાઇનમાં આવતુ ગટરનુ પાણી પીરાણા સ્થિત 106 MLD ક્ષમતાના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં લઈ જવામાં આવે છે અને ટ્રીટમેન્ટ બાદ નદીમાં છોડવામાં આવે છે.

હવે આ વ્યવસ્થાની પૂર્વ તરફની લાઇનની સફાઈ કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. શાહીબાગ ડફનાળાથી આંબેડકર બ્રિજ સુધી ફેલાયેલી 11.50 કિમી લાંબી લાઇનમાં ઉત્તર, મધ્ય અને દક્ષિણ ઝોનના અનેક વોર્ડનાં ડ્રેનેજ કનેક્શન જોડાયેલાં છે. લાઇનમાં જમા થયેલા કાંપ અને અન્ય અવરોધોને દૂર કરવા માટે ડિસિલ્ટીંગ કરાવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

— sutariya kalpeshbhai haribhai, Surat

INTERNATIONAL

ઈલોન મસ્કની સ્પેસએક્સની ઐતિહાસિક સિદ્ધિ, અંતરિક્ષમાંથી પરત આવેલા 'સ્ટારશિપ'ને હવામાં 'કેચ' કર્યો



અમેરિકન ઉદ્યોગપતિ ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સે (SpaceX) અંતરિક્ષ ક્ષેત્રે મોટો ઇતિહાસ રચ્યો છે. કંપનીનું 'શિપ 42' નામનું સ્ટારશિપ સ્પેસક્રાફ્ટ અંતરિક્ષમાં આશરે 22 કલાક વિતાવીને અને પૃથ્વીના 14 ચક્કર લગાવીને હેમખેમ પૃથ્વી પર પરત ફર્યું છે.ટેક્સાસ સ્થિત સ્પેસએક્સના લૉન્ચ સેન્ટર પર પરત ફરતી વખતે લૉન્ચ ટાવર પર લગાડવામાં આવેલી 'ચોપસ્ટિક્સ' નામની બે વિશાળકાય સ્ટેન્ડએ આ સ્પેસક્રાફ્ટને હવામાં જ સહીસલામત પકડી લીધું હતું. અંતરિક્ષથી પરત ફરેલા સ્ટારશિપને આ પ્રકારે હવામાં પકડવામાં સફળતા મળી હોય તેવી આ પહેલી જ ઘટના છે.

આ મિશન દરમિયાન સ્પેસક્રાફ્ટે 275 કિલોમીટરની ઊંચાઈએ પહોંચીને 26 નવા સ્ટારલિંક સેટેલાઇટ સફળતાપૂર્વક અંતરિક્ષમાં સ્થાપિત કર્યા હતા. જોકે, રોકેટના પહેલા ભાગ એટલે કે 'બૂસ્ટર'ને આ જ રીતે પકડવામાં એન્જિનની ખામીના કારણે સફળતા મળી શકી ન હતી અને તે મેક્સિકોના અખાતમાં જઈ પડ્યું હતું. આમ છતાં, સ્ટારશિપની આ સુરક્ષિત વાપસીથી ભવિષ્યમાં અંતરિક્ષ યાત્રાનો ખર્ચ ઘટાડવામાં મોટી મદદ મળશે.

— sutariya kalpeshbhai haribhai, Surat

LOCAL

ભરૂચના પાંચબત્તી વિસ્તારમાં વીજ થાંભલો પડી કારને નુકસાન, ચાલક બચ્યો



ભરૂચના પાંચબત્તી વિસ્તારમાં, બુદ્ધદેવ માર્કેટની નજીક જાહેર માર્ગ પર સિમેન્ટનો વીજ થાંભલો અચાનક કાર પર પડ્યો. આ ઘટનામાં કારને ગંભીર નુકસાન થયું, પરંતુ સદનસીબે ચલકનું જીવન બચાવાયું.

થાંભલા સાથે જીવંત વીજ તારો પણ રસ્તા પર પડ્યો, જેના કારણે વિસ્તારમા ભયનો માહોલ સર્જાયો. વીજ પુરવઠો તાત્કાલિક ખોરવાયો અને થોડા સમય માટે ટ્રાફિકમાં વિક્ષેપ થયો.

આ ઘટનાએ વીજ થાંભલાઓની જાળવણી અને સુરક્ષા વ્યવસ્થા અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. યોગ્ય જાળવણી અને સમયસર તપાસની જરૂરિયાત સ્પષ્ટ થઈ છે.

અધિકારીઓને વિનંતી છે કે આવા દુર્ઘટનાઓને રોકવા માટે તાત્કાલિક પગલાં લઈ, નિયમિત નિરીક્ષણ અને જાળવણી સુનિશ્ચિત કરે.

— IRFAN MANGROLIYA

અમદાવાદથી બાગડોગરા જતી સ્પાઈસજેટની ફ્લાઈટ અચાનક રદ, અટવાયેલા મુસાફરોનો એરપોર્ટ પર હોબાળો



અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી 15 નવેમ્બરના રોજ બપોરે 3 વાગ્યે બાગડોગરા જવા માટે રવાના થનારી સ્પાઈસજેટની ફ્લાઈટ SG-637 અચાનક રદ કરી દેવામાં આવી છે. કોઈ પૂર્વ સૂચના વિના ફ્લાઈટ કેન્સલ થતાં તમામ મુસાફરો એરપોર્ટ પર અટવાઈ પડ્યા હતા, જેના કારણે ટર્મિનલ પર ભારે હોબાળો મચ્યો હતો.ફ્લાઈટ રદ થવાની જાહેરાત થતાં જ મુસાફરોએ એકઠા થઈને એરલાઈન્સના કાઉન્ટર પર વિરોધ નોંધાવ્યો હતો. મુસાફરોનો આક્ષેપ છે કે ફ્લાઈટ રદ થયા બાદ તેમને ન તો કોઈ વૈકલ્પિક ફ્લાઈટની સુવિધા આપવામાં આવી હતી કે ન તો ટિકિટના રિફંડ અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી હતી. એરલાઈન્સના સ્ટાફ તરફથી સંતોષકારક ઉત્તરને બદલે ઉડાઉ જવાબ મળતા મુસાફરોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.બાગડોગરા જનારા મુસાફરોએ આગળના પ્રવાસ અને હોટલ બુકિંગનું આયોજન કર્યું હોવાથી અચાનક ફ્લાઈટ રદ થતાં તેમને આર્થિક અને માનસિક હાલાકી ભોગવવી પડી છે. રિફંડની પ્રક્રિયામાં પણ મુશ્કેલી પડી રહી હોવાની ફરિયાદ મુસાફરોએ કરી હતી.સ્પાઈસજેટ એરલાઈન્સની ફ્લાઈટ્સ મોડી પડવાની કે અચાનક રદ થવાની સમસ્યા છેલ્લા ઘણા સમયથી સતત ચાલી રહી છે. એરલાઈન્સ હાલ આર્થિક સમસ્યાઓનો સામનો કરી રહી હોવાથી તેની સીધી અસર ફ્લાઈટ સંચાલન પર પડી રહી છે, જેનો ભોગ સામાન્ય મુસાફરો બની રહ્યા છે.

— sutariya kalpeshbhai haribhai, Surat

2035 સુધીના ક્રિકેટ કેલેન્ડરને ICCની મંજૂરી, 2029માં ભારતને ચેમ્પિયન્સ ટ્રોફી અને 2031માં વનડે વર્લ્ડ કપની યજમાની



. કાર્યક્રમને અંતિમ મંજૂરી આપવામાં આવી હતી. આ શેડ્યૂલ મુજબ ભારતને 2029માં ચેમ્પિયન્સ ટ્રોફી અને 2031માં વનડે વર્લ્ડ કપની યજમાની સોંપવામાં આવી છે. 2031નો વનડે વર્લ્ડ કપ ભારત અને બાંગ્લાદેશની સંયુક્ત યજમાનીમાં યોજાશે. આ કેલેન્ડરમાં ICC મેન્સ T20 વર્લ્ડ કપ, વનડે વર્લ્ડ કપ, ચેમ્પિયન્સ ટ્રોફી અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ની ફાઇનલનો સમાવેશ થાય છે.ICC દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ અનુસાર, 2028માં ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ સંયુક્ત રીતે T20 વર્લ્ડ કપની યજમાની કરશે. ત્યારબાદ 2030માં ઇંગ્લેન્ડ, આયર્લેન્ડ અને સ્કોટલેન્ડ આ ટુર્નામેન્ટનું સંયુક્ત આયોજન કરશે. T20 વર્લ્ડ કપની આગામી આવૃત્તિઓ 2032 અને 2034માં યોજાશે, જોકે આ બંને ટુર્નામેન્ટના યજમાન દેશોનાં નામ હજુ નક્કી કરવામાં આવ્યાં નથીઆગામી વર્ષે દક્ષિણ આફ્રિકામાં યોજાનારા વનડે વર્લ્ડ કપ બાદ આ ટુર્નામેન્ટ 2031માં ફરી એકવાર ભારતીય ઉપખંડમાં યોજાશે. ભારત અને બાંગ્લાદેશ સંયુક્ત રીતે 9 ઓક્ટોબરથી 23 નવેમ્બર, 2031 દરમિયાન મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપની યજમાની કરશે. આ પહેલાં 2023માં ભારતે વનડે વર્લ્ડ કપનું આયોજન કર્યું હતું. તે ટુર્નામેન્ટમાં ભારતીય ટીમ ફાઇનલ સુધી પહોંચી હતી, પરંતુ અમદાવાદમાં રમાયેલી ફાઇનલમાં ઓસ્ટ્રેલિયા સામે હારનો સામનો કરવો પડ્યો હતો. આ ઉપરાંત 2035માં પણ વનડે વર્લ્ડ કપનું આયોજન ઓક્ટોબર-નવેમ્બર દરમિયાન કરવામાં આવશે. જોકે, આ આવૃત્તિ માટે યજમાન દેશની જાહેરાત હજુ કરવામાં આવી નથીવર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ની ફાઇનલ અગાઉની જેમ દર બે વર્ષે જૂન મહિનામાં યોજાશે. ICC દ્વારા ઇંગ્લેન્ડને 2029 અને 2031ની WTC ફાઇનલની યજમાની સોંપવામાં આવી છે. જ્યારે 2033 અને 2035ની ફાઇનલ ક્યાં યોજાશે તે અંગે હજુ નિર્ણય લેવામાં આવ્યો નથી.

— sutariya kalpeshbhai haribhai, Surat

સાવરકુંડલા હાથસણી રોડ પર આવેલી પાણા ખાણ માંથી એક યુવક નો મૃત દેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે



સાવરકુંડલાના હાથસણી રોડ પર આવેલી પાણાખાણમાંથી એક યુવકનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે.....

અજાણ્યા યુવકનો મૃતદેહ પાણીમાં તરતો જોવા મળતા તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી.....

ઘટનાની જાણ થતા જ અમરેલી ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને બે કલાકની ભારે જહેમત બાદ યુવકના મૃતદેહને પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો.....

પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક યુવકની ઓળખ રાજુભાઈ ભીમાભાઈ વાઘેલા તરીકે થઈ છે.....


પાણાખાણમાં નહાવા ગયેલો આ યુવક ઊંડા પાણીમાં ડૂબી જવાથી મોતને ભેટ્યો હોવાનું સામે આવ્યું છે.....

હાલ સાવરકુંડલા સિટી પોલીસ દ્વારા અકસ્માતે મોતનો ગુનો નોંધીને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.....

રીપોર્ટર સમીર ખોખર વિજપડી અમરેલી.....

— Khokhar Samirbhai Rahimbhai

અમરેલી-સાવરકુંડલા રોડ પર ટ્રક-કાર ટક્કરથી એક વ્યક્તિનું મૃત્યુ



અમરેલી-સાવરકુંડલા રોડ પર જોરદાર અકસ્માત થયો, જેમાં ચાર ચાકીવાળા વાહન અને ટ્રકની ટક્કર થઈ.

મૃત્યુ પામનાર વ્યક્તિનું નામ જીગ્નેશ ભાઈ સોઢા છે, જે લાઠી રોડ, વૃંદાવન સોસાયટીમાં રહે છે.

ઘટનામાં ચાર ચાકીવાળા વાહન અને બીજા ટ્રક (ડમ્પર) વચ્ચે ટક્કર થઈ, જેના કારણે જીગ્નેશ ભાઈનું મૃત્યુ થયું.

પોલીસ સ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે.

— Rangpara Shaileshbhai

RELIGION

અમદાવાદના રિવરફ્રન્ટ પર ઇન્દિરા બ્રિજ ખાતે છઠ પૂજા મહોત્સવની ભવ્ય ઉજવણી



આજરોજ અમદાવાદના રિવરફ્રન્ટ પર આવેલા ઇન્દિરા બ્રિજ ખાતે છઠ પૂજા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા અને ધાર્મિક વિધિઓમાં ભાગ લીધો હતો.

આ મહોત્સવમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી, અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રી સહિતના અનેક મહાનુભાવો અને અધિકારીઓએ હાજરી આપી હતી. તેમની ઉપસ્થિતિએ કાર્યક્રમની ગરિમામાં વધારો કર્યો હતો.

મહોત્સવ શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે સંપન્ન થાય તે સુનિશ્ચિત કરવા માટે અમદાવાદ શહેર પોલીસ દ્વારા સઘન બંદોબસ્ત અને સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. પોલીસની સતર્કતાને કારણે સમગ્ર કાર્યક્રમ કોઈપણ અડચણ વિના પાર પડ્યો હતો.

— Shukla Hardik Pradipkumar, Ahmedabad

RELIGION

સ્વામિનારાયણ મંદિર રે ભવ્ય અન્નકૂટ ઉત્સવ ઉજવાયો હતો.



રાજુલા શહેરમાં 15.11.2026. ના નૂતન વર્ષના શુભ દિવસ નિમિત્તે બીએપીએસ. સ્વામિનારાયણ મંદિર રે ભવ્ય અન્નકૂટ ઉત્સવ ઉજવાયો હતો. સ્વામી યોગી પુરુષ. સ્વામી શાંત નયન . નવા વર્ષની શુભ શરૂઆત ની સાથે ભવ્ય ઉત્સવ ઉજવાયું 156 ભોગ નો અન્નકોટ માં અનેક પ્રકારની વાનગીઓ. એફિલ ટાવર પણ બનાવવામાં આ વ યોહતોના સર્વ ભક્તજનો યે દર્શન કર્યા હતા. ત્યારબાદ પ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું હતું જે દુબઈમાં અબુધાબી મંદિર છે તેવું જ અહીંયા પોસ્ટર લાઇટિંગ થી બનાવવામાં આવ્યું હતું દરેક ભક્તો જન્મ સેલ્ફી લીધી હતી. કાર્યકર્તા ભરતભાઈ દેલવાડીયા. જયેશભાઈ વાસાણી. બીપીનભાઈ સરવૈયા. મનીષભાઈ સરવૈયા. નિખિલભાઇ મહેતા. હિતેન ભાઈ સોની. હરિકૃષ્ણ વાઘેલા. ધનજીભાઈ ટાંક. દેવશીભાઈ બાંભણિયા.

— yogeshkumar v kanabar

સાદગીના વધુ એક અનોખા વિડિયા આવ્યો સામે



અમરેલી બ્રેકિંગ

રાજ્યમંત્રી કૌશિક વેકરિયાની સાદગીનો વધુ એક અનોખો વિડિયો આવ્યો સામે

વડીયાના મોટા ઉજળા ગામે હનુમાનજી દાદાના મંદિરે પ્રસંગે રાજ્યમંત્રીનો અનોખો અંદાજ જોવા મળ્યો

હનુમાનજી દાદાના મંદિરે યોજાયેલા લોટના પ્રસંગમાં રાજ્યમંત્રી કૌશિક વેકરિયા હાજર રહ્યા

સખવાડા પરિવાર દ્વારા આયોજિત ધાર્મિક પ્રસંગમાં રાજ્યમંત્રી કૌશિક વેકરિયા સામાન્ય વ્યક્તિની જેમ શ્રદ્ધાળુઓને પ્રસાદી પીરસતા નજરે પડ્યા


રાજ્યમંત્રીનો સાદગીભર્યો અંદાજ કેમેરામાં થયો કેદ

સામાન્ય વ્યક્તિની માફક લોકો વચ્ચે રહીને પ્રસાદી પીરસતા રાજ્યમંત્રીનો વિડિયો સોશિયલ મીડિયામાં ફરી એકવાર થયો વાયરલ

રાજ્યમંત્રીની સાદગી અને સેવાભાવની લોકોમાં થઈ રહી છે ચર્ચા

— yogeshkumar v kanabar

ધારી આંબરડી સફારી પાર્કમા દેશની શાન ગણાતા સાવજની પજવણી



બ્રેકીંગ

અમરેલી-ધારી આંબરડી સફારી પાર્કમા દેશની શાન ગણાતા સાવજની પજવણી

સિંહના "રક્ષક કર્મચારીઓ ભક્ષક" બન્યા સિંહની પાછળ બાઈક દોડાવી ખુલ્લેઆમ પજવણી કરી

ધારી ગીર પૂર્વ ડીવીજનના આંબરડી સફારી પાર્કનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ

ગીર પૂર્વ DCF વિકાસ યાદવ જુવો તમારા આંબરડી સફારી પાર્કમાં સાવજની શ્વાન જેવી હાલત.!

વનવિભાગના કર્મચારીઓ દ્વારા ચારે તરફથી સિંહને પરેશાન કર્યો

સિંહ પાછળ બાઈકની સાથે બોલેરો પણ દોડાવી DCF વિકાસ યાદવના મોનીટરીંગનો અભાવ

DCF દ્વારા મીડિયાને જવાબ દેવાનું ટાળ્યુ

વનવિભાગ ગીર જંગલમા સિંહ દર્શન અને માત્ર વિડીયો ઉતારનારા ઉપર રોફ જમાવે છે પરંતુ આ કર્મચારી સામે કાર્યવહી ક્યારે?

— yogeshkumar v kanabar

અમરેલીના ધારાસભ્ય અને રાજ્યના ઉર્જા મંત્રી કૌશિક વેકરિયા અંકલેશ્વર ખાતે જનજાતીય ગૌરવ દિવસની ઉજવણીમાં જોડાયા...



બ્રેકિંગ

અમરેલી - અમરેલીના ધારાસભ્ય અને રાજ્યના ઉર્જા મંત્રી કૌશિક વેકરિયા અંકલેશ્વર ખાતે જનજાતીય ગૌરવ દિવસની ઉજવણીમાં જોડાયા...

ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે અંકલેશ્વર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં કૌશિક વેકરિયાએ આપી હાજરી...

આદિવાસી નૃત્યના તાલે કૌશિક વેકરિયા ઝૂમી ઉઠ્યા...

મંત્રીનો વીડિયો સોશિયલ મીડિયામાં થયો વાયરલ...

— yogeshkumar v kanabar

સેવા, સમર્પણ અને સંકલ્પ સાથે જન્મદિવસની અનોખી ઉજવણી



સેવા, સમર્પણ અને સંકલ્પ સાથે જન્મદિવસની અનોખી ઉજવણી

આજરોજ ૯૮-રાજુલા વિધાનસભા વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય આદરણીય શ્રી હિરાભાઈ સોલંકી સાહેબના જન્મદિવસ નિમિત્તે રાજુલા શહેરમાં વિવિધ સેવાકીય કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે “એક પેડ ધારાસભ્ય કે નામ” અભિયાન અંતર્ગત રાજુલા શહેરના વિવિધ સ્થળોએ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સાથે જ માનવસેવાના ઉમદા હેતુથી આંખોના મોતિયાના મફત નિદાન કેમ્પનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અનેક લોકોએ લાભ લીધો હતો.

જન્મદિવસની ઉજવણીને માત્ર ઉત્સવ પૂરતી સીમિત ન રાખીને સમાજસેવા, પર્યાવરણ સંરક્ષણ અને જનકલ્યાણના સંકલ્પ સાથે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.

આ સેવાકીય કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી હિરાભાઈ સોલંકી સાહેબ, ગુજરાજ નિયંત્રણ બજાર સંઘના પ્રમુખ શ્રી જીગ્નેશભાઈ પટેલ, અમરેલી જિલ્લા ભાજપના આગેવાન શ્રી રવુભાઈ ખુમાણ, રાજુલાના વેપારી અગ્રણી શ્રી બકુલભાઈ વોરા, શ્રી પ્રતાપભાઈ બેપારીયા, શ્રી દિલીપભાઈ વોરા, રાજુલા શહેર ભાજપ પ્રમુખ શ્રી વનરાજભાઈ વરૂ સહિત સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ તથા રાજુલા શહેરના નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

જન્મદિવસની સાચી ઉજવણી એ જ છે, જ્યારે ખુશીઓની સાથે સમાજને કંઈક સારું અર્પણ થાય.

વૃક્ષારોપણથી પર્યાવરણની સેવા, આરોગ્ય કેમ્પથી માનવતાની સેવા અને જનસહભાગિતાથી

સમાજકલ્યાણનો સંકલ્પ

સેવા • સમર્પણ • સંકલ્પ

— Anil Vaghela

રાજુલા શહેરમાં 15/11/2026. ના નૂતન વર્ષના શુભ દિવસ નિમિત્તે બીએપીએસ.



રાજુલા શહેરમાં 15/11/2026. ના નૂતન વર્ષના શુભ દિવસ નિમિત્તે બીએપીએસ. સ્વામિનારાયણ મંદિર રે ભવ્ય અન્નકૂટ ઉત્સવ ઉજવાયો હતો. સ્વામી યોગી પુરુષ. સ્વામી શાંત નયન . નવા વર્ષની શુભ શરૂઆત ની સાથે ભવ્ય ઉત્સવ ઉજવાયું 156 ભોગ નો અન્નકોટ માં અનેક પ્રકારની વાનગીઓ. એફિલ ટાવર પણ બનાવવામાં આવયો હતો સર્વ ભક્તજનોયે દર્શન કર્યા હતા. ત્યારબાદ પ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું હતું જે દુબઈમાં અબુધાબી મંદિર છે તેવું જ અહીંયા પોસ્ટર લાઇટિંગ થી બનાવવામાં આવ્યું હતું દરેક ભક્તોજન્ સેલ્ફી લીધી હતી. કાર્યકર્તા ભરતભાઈ દેલવાડીયા. જયેશભાઈ વાસાણી. બીપીનભાઈ સરવૈયા. મનીષભાઈ સરવૈયા. નિખિલભાઇ મહેતા. હિતેન ભાઈ સોની. હરિકૃષ્ણ વાઘેલા. ધનજીભાઈ ટાંક. દેવશીભાઈ બાંભણિયા.

LOCAL

ભરૂચના પાંચ બત્તી વિસ્તારમાં બુદ્ધદેવ માર્કેટની બહાર કાર વીજ પોલ સાથે ટક્કર, કોઈ જાનહાની નહીં



ભરૂચના પાંચ બત્તી વિસ્તારમાં આવેલ બુદ્ધદેવ માર્કેટની બહાર, એક ટેમ્પો વાહન વીજ પોલ સાથે ટક્કર ખાઈ, પોલ ધરાશયી થયો.

ટેમ્પો ચલાવનાર ડ્રાઈવર પોલને ટક્કર મારતા ઉભેલી સ્વિફ્ટ ગાડી પર વીજ પોલ પરતા ગાડીને નુકસાન થયું પરંતુ કોઈ વ્યક્તિને ઈજા થઈ નથી.

— Shahid Mansuri

શાકભાજી નીઆડમાવિદેશીદારુનીહેરાફેરીનો પડદા પાસ લોકલ ક્રાઇમ બ્રાન્ચે એક.ઈસમનેજડપીપાડો



આનંદ લોકલ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા દારુની હેરાફેરી સામે મોટી કાર્યેવાહી કરવામાં આવી છે પોલીસ ની ટીમે શાકભાજી ની આડમા લય જવાતો ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે પોલીસે પીકપ ડાલામાથી વિદેશી દારૂ ના 348કોટર તથા અન્ય મુદામાલ મડી કુલ અંદાજે રૂ.398800નો મુદામાલ કબજે કર્યો છે કાર્યેવાહી દરમિયાન એક ઈસમને ઝડપી લીધો છે પોલીસ ની પ્રેસ નોટ મુજબ આ કાર્યેવાહી પોલીસ અધિકારીઓ ના માર્ગદર્શન હેઠળ લોકલ ક્રાઇમ બ્રાન્ચ નીટીમ ધ્વારા કરવામાં આવી હતી જડપાયેલ આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે દારૂ ની હેરાફેરી સામે બુટલેગરોમો ફફડાટ

— ખાંટ મનુભાઈ

LOCAL

હિંમતનગરમાં જનજાતીય ગૌરવ દિવસ, ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતિ નિમિત્તે ભવ્ય કાર્યક્રમ..



સાબરકાંઠામાં-:

આજ રોજ હિંમતનગર વિધાનસભા કક્ષામાં ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતિ નિમિત્તે 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણી યોજાઈ.કાર્યક્રમ મારી અધ્યક્ષતામાં આયોજિત થયો અને જનજાતીય સમાજના ગૌરવને ઉજાગર કરવાનો હેતુ રાખ્યો.કાર્યક્રમ દરમિયાન ભગવાન બિરસા મુંડાના જીવનસંઘર્ષ,આદિવાસી સમાજના ઉત્થાન અને દેશની આઝાદીની લડતમાં તેમના અમૂલ્ય યોગદાનને યાદ કરીને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પિત કરવામાં આવી. સાથે સાથે જનજાતીય સમાજની ગૌરવશાળી ઇતિહાસ અને સંસ્કૃતિને જાળવી રાખવા આહ્વાન કરવામાં આવ્યું..

નગરપાલિકા પ્રમુખ અરુણાબેન કડિયા, જિલ્લા સંગઠન ઉપપ્રમુખ જયેશભાઈ પટેલ, તાલુકા સંગઠન પ્રમુખ હિતેન્દ્રભાઈ પટેલ, શહેર પ્રમુખ કુલદીપભાઈ પાઠક, મામલતદાર પઢેરિયા, તાલુકા વિકાસ અધિકારી ડાભી, તાલુકા મહામંત્રી ભવરસિંહ ચૌહાણ, પ્રકાશભાઈ વૈદ, પરીક્ષિતભાઈ વખતારિયા અને નગરપાલિકાના સદસ્યો સહિત મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા.કાર્યક્રમના અંતે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રેરણાદાયી સંબોધનનું લાઈવ પ્રસારણ નિહાળવામાં આવ્યું.

— એસ એ શિરોયા

NATIONAL

આદિવાસી સમાજના ગૌરવ, શૌર્ય, સ્વાભિમાન અને બલિદાનના પ્રતીક એવા મહાન સ્વાતંત્ર્ય સેનાની, ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતી નિમિત્



આદિવાસી સમાજના ગૌરવ, શૌર્ય, સ્વાભિમાન અને બલિદાનના પ્રતીક એવા મહાન સ્વાતંત્ર્ય સેનાની, ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે ઉજવાતા ‘જનજાતીય ગૌરવ દિવસ’ ના પાવન અવસરે ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ તથા પાટણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એ.પી.એમ.સી., પાટણ ખાતે આયોજિત જિલ્લાકક્ષાના પુષ્પાંજલિ અને ઉજવણી કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

આ પ્રસંગે ભગવાન બિરસા મુંડાજીને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના અદમ્ય સાહસ, અતૂટ રાષ્ટ્રપ્રેમ અને આદિવાસી સમાજના હક તથા અધિકારો માટે આપેલા અમૂલ્ય બલિદાનને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સાથે જ ઉપસ્થિત સમાજના આગેવાનો, મહાનુભાવો અને નાગરિકો સાથે જનજાતીય સમાજના ગૌરવશાળી ઇતિહાસ, સાંસ્કૃતિક વારસા અને સર્વાંગી વિકાસ અંગે વિચારવિમર્શ કર્યો.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના દૂરંદેશી નેતૃત્વમાં તથા ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલજીના માર્ગદર્શન હેઠળ આદિવાસી સમાજના શિક્ષણ, આરોગ્ય, રોજગાર, સશક્તીકરણ અને સર્વાંગી ઉત્થાન માટે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. સમાજના અંતિમ છેવાડાના માનવી સુધી વિકાસના લાભો પહોંચાડવાના સંકલ્પ સાથે સરકાર સતત કાર્યરત છે.

જળ, જંગલ અને જમીનના રક્ષણ માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનાર ભગવાન બિરસા મુંડાજીનું જીવન આપણને સ્વાભિમાન, સંઘર્ષ, એકતા અને રાષ્ટ્રસેવાની અવિરત પ્રેરણા આપે છે. તેમના આદર્શોને આત્મસાત કરી જનજાતીય સમાજના સન્માન, સમૃદ્ધિ અને ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે સૌ સાથે મળીને કાર્ય કરીએ, એ જ તેમને સાચી શ્રદ્ધાંજલિ છે.

જય જોહાર! જય આદિવાસી! જય હિન્દ!

આ કાર્યક્રમમાં શ્રી સંજયભાઈ દેસાઈ, શ્રી રમેશભાઈ સિંધવ, શ્રીમતી ચંદ્રિકાબેન, શ્રી વિપુલભાઈ રાણા, શ્રી સંજયભાઈ પટેલ, શ્રી બાબુજી ઠાકોર, શ્રી વિરજીભાઈ, શ્રી હર્ષભાઈ પટેલ, શ્રી સી.એલ પટેલ, શ્રી મેહુલભાઈ, પ્રાંત અધિકારીશ્રી, જિલ્લા વહીવટી તંત્ર, પત્રકાર મિત્રો તેમજ સંગઠનના હોદ્દેદારો અને આદિવાસી સમાજના આગેવાનો ભાઈ ઓ,અને બહેનો,ઉપસ્થિત રહ્યા હતા. રિપોર્ટર ભદ્રેશકુમાર સોલંકી ખેડા ફાગવેલ

— Solanki Bhadreshkumar Javanbhai

વિશ્વનાથ હિન્દુ સંઘ દ્વારા વડોદરામાં નિઃશુલ્ક તુલસી છોડ વિતરણ અને ઘર-ઘર તુલસી પૂજન સ્પર્ધા યોજાઈ



સોમવાર, 9:00 થી 15:00 સુધી, વિશ્વનાથ હિન્દુ સંઘ (પ્રમુખ સમિતિ)એ શ્રી રામેશ્વર મહાદેવ મંદિર, શરણમ્ ચાર રસ્તા નજીક, વાઘોડિયા રોડ, વડોદરા ખાતે 'સેવા, સંગઠન અને સંસ્કાર'ના સૂત્ર હેઠળ નિઃશુલ્ક તુલસી છોડનું વિતરણ અને ઘર-ઘર તુલસી પૂજન પ્રતિયોગિતા આયોજિત કરી.

સંઘના પ્રમુખ શ્રી દિનેશભાઈ રાઠોડે કહ્યું કે કળયુગમાં સમાજ અને ધર્મને ટકાવવા માટે સંગઠન અને એકતા આવશ્યક છે. તેમણે 'એક તુલસી, એક પરિવાર, એક સંઘ અને હર ઘર તુલસી, હર મન એકતા' જેવા સંકલ્પને ભાર આપ્યો. આ કાર્યક્રમમાં આધારકાર્ડ ધરાવતા દરેક પરિવારને બે તુલસીનાં છોડ આપવામાં આવ્યા, જેમાં હજારો હિન્દુ પરિવારોને લાભ મળ્યો.

કાર્યક્રમને વાડી સ્વામિનારાયણ મંદિર, ગાજરાવાડી દશા માતાજી મંદિર અને અન્ય પવિત્ર સ્થળોના પંડિતોનું આશીર્વાદ મળ્યું. પ.પૂ. કોઠારી શ્રી ઘનશ્યામ ભગત, પ.પૂ. શાસ્ત્રી શ્રી કૃષ્ણપ્રસાદદાસજી, પૂજ્ય રાહુલ ભગત, મહંત શ્રી અરવિંદભાઈ મહારાજ અને પૂજ્ય સંજયગીર ગોસ્વામી દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી. સેવા માટેનું સૌજન્ય વોર્ડ નં. 16 વડે ભાજપા પ્રમુખ શ્રી નરેશભાઈ રબારી દ્વારા આપવામાં આવ્યું.

ઘર-ઘર તુલસી પૂજન પ્રતિયોગિતા માટે નોંધણી કરાવનાર ભક્તો 25-12-2026 ના તુલસી પૂજન દિવસે પોતાના ઘરમાં પૂજન કરી, ફોટો WhatsApp નંબર 73830 51467 પર મોકલશે. શ્રેષ્ઠ પૂજન કરનારને સન્માનિત કરવામાં આવશે.

આ કાર્યક્રમ હિન્દુ એકતા અને સંસ્કાર સિંચનનું પ્રતીક બની, સમાજમાં સંગઠન અને સાંસ્કૃતિક મૂલ્યોને મજબૂત કરવા મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.

— Kuntalkumar Chokshi, Vadodara

LOCAL

Sayan માં ઉત્તર ભારતીય સમુદાયએ છઠનો તહેવાર ધમાલથી ઉજવ્યો



Sayan માં ઉત્તર ભારતીય સમુદાયએ છઠનો તહેવાર ઉજવ્યો.

તહેવાર ખૂબ જ ધમાલ અને ઉત્સાહ સાથે ઉજવાયો, જેમાં સમુદાયના સભ્યો પરંપરાગત રીત-રિવાજોનું પાલન કર્યું.

આ ઉજવણીમાં સમુદાયની એકતા અને સાંસ્કૃતિક ગૌરવ પ્રદર્શિત થયું.

— Ajay Singh Rathod

બાંખોરમાં શ્રી જલારામ ચરિત્ર કથા ઉપસ્થિત, ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા સહિત સ્થાનિક નેતાઓએ ભાગ લીધો..



શ્રી જલારામ ફાઉન્ડેશન, બાંખોર દ્વારા આયોજિત પાવન શ્રી જલારામ ચરિત્ર કથાનો કાર્યક્રમ બાંખોરમાં યોજાયો. ઉપસ્થિતોએ કથાનું શ્રવણ કર્યું અને શ્રી જલારામ બાપાના દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી.કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા,પ્રફુલભાઈ વ્યાસ (કથાવાલા),સરપંચ લાલસિંહ મકવાણા,પ્રમુખ પ્રવીણભાઈ ઉપાધ્યાય,લક્ષ્મીકાંત ઉપાધ્યાય,હિમેશભાઈ ઉપાધ્યાય,કલ્પેશભાઈ પાઠક,હરેશભાઈ પ્રજાપતિ,રાજુભાઈ ઉપાધ્યાય સહિતના આગેવાનો શ્રદ્ધાળુઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા..

આ ધાર્મિક સમારંભમાં સ્થાનિક નેતાઓ અને જનતા વચ્ચે સહભાગિતાનો ભાવ સ્પષ્ટ દેખાયો, જે શ્રી જલારામની ઉપદેશો અને સેવાભાવને પ્રોત્સાહિત કરે છે.

— એસ એ શિરોયા

માણાવદર વિધાનસભાના સ્નેહમિલનમાં 'આપ' ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ સરકારની જળનીતિ સામે ઉઠાવ્યા ગંભીર સવાલો



માણાવદર વિધાનસભાના સ્નેહમિલનમાં 'આપ' ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ સરકારની જળનીતિ સામે ઉઠાવ્યા ગંભીર સવાલો

દરિયામાં વહી જતા મીઠા પાણીને રોકવા ચેકડેમ અને નાના ડેમ જ સાચો વિકલ્પ, પાઇપલાઇન યોજનાઓમાં ભ્રષ્ટાચાર : ગોપાલ ઈટાલિયા

30 વર્ષથી અટવાયેલી કલ્પસર યોજનામાં સર્વેના નામે 2000 કરોડ વપરાયા, છતાં કાઠિયાવાડ પાણી માટે તરસે છે: ગોપાલ ઈટાલિયા

ડર અને લાલચની રાજનીતિ છોડી હવે ખેડૂતો, યુવાનો અને ગામડાના વિકાસ માટે પરિવર્તન લાવવાનો સમય : ગોપાલ ઈટાલિયા

માત્ર ચૂંટણી ટાણે જ પાણી અને વીજળીના વચનો આપી ખેડૂતોને લાચાર બનાવવાનું બંધ થવું જોઈએ : ગોપાલ ઈટાલિયા

2027ની ચૂંટણીમાં ખેડૂતો અને યુવાનોના હિતની સરકાર બનાવવા જાન્યુઆરીથી જ સંગઠનનું કામ શરૂ કરવું પડશે: ગોપાલ ઈટાલિયા

— Sodha Gourangbhai